સત્સંગમાં કાંઇ પણ કર્યા
વિના ઉન્નતિ થાય છે, અને
કુસંગમાં કાંઇ પણ કર્યા
વિના પતન થાય છે
- આનંદ સાગર


આપણું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૨૪ | ૧૪ જુલાઇ, ૨૦૧૪, સોમવાર; અષાઢ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● ડ્રોન કેમેરા દ્વારા ગંગા આરતીનો વિડિયો બનાવી રહેલા સંદિગ્ધોની ધરપકડ**

વારાસણીના દશાશ્વમેઘ ઘાટ પર ગંગા આરતી દરમ્યાન



ડ્રોન કેમેરા એટલે કે કેમ કોપ્ટર દ્વારા રેકોર્ડીંગ કરી રહેલા ચાર શંકાસ્પદ યુવકોની પોલીસે ધરપકડ કરી લીધી છે. આ ચારેય વારાણસીના ઘાટ પર થઈ રહેલી ગંગા આરતીનું વિડીયો રેકોર્ડીંગ કરી રહ્યા હતા. અગાઉ આ ઘાટ પર આતંકવાદી હુમલા થઈ ચુક્યા હોવાથી અહીં આ પ્રકારનું રેકોર્ડીંગ કરવા માટે મંજૂરી મેળવવી પડે છે.

**● જેટલી ૨૦૪ વખત બજેટમાં 'આઈ' બોલ્યા**

નાણામંત્રી અરૂણ જેટલીએ બજેટ રજુ કરતી વખતે ભાષણમાં ૨૦૪ વખત 'આઈ' શબ્દનો ઉપયોગ કર્યો હતો. જેટલીના બજેટના થયેલા વિશ્લેષણમાં આવી ઘણી રસપ્રદ બાબતો બહાર આવી છે. તેમનું બજેટ ભાષણ ૧૬૦૦૦ શબ્દોનું હતું અને એવી ૨૮ યોજનાઓ જાહેર કરાઈ હતી. જેના માટે રૂ. ૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હોય.

**● કરીના ફરી સલમાનખાન સાથે જોવા મળશે**

છેલ્લા કેટલાક સમયથી એક પણ હીટ ફિલ્મ ન આપી શકનાર કરીનાકપુર ખાન ફરી એક વખત તેના બોર્ડીગાર્ડ કો-સ્ટાર સલમાનખાન સાથે જોવા મળશે. ફિલ્મનું નામ બજરંગી ભાઈ જાન દે અને કબીરખાન ફિલ્મનું દિગ્દર્શન કરશે. આવતા વર્ષે ઈદ પર ફિલ્મ રીલીઝ થવાના સંકેતો છે.

# ચારેય તાલુકામાં વરસાદ ખેંચાતા તંત્ર ચિંતાતુર!!

## ઘાસચારાના વાવેતર માટે કેનાલના કમાન્ડ વિસ્તારમાં પ્રોત્સાહક યોજના સહિતની બાબતોનો માસ્ટર પ્લાન તૈયાર કરાઈ રહ્યો છે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં વરસાદ ખેંચાતાં ઉભી થયેલી પરિસ્થિતિને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. હરકતમાં આવેલા



(તસવીર : કશ્યપ નિમાવત)

તંત્ર એ માસ્ટર પ્લાન સહિતની વિવિધ બાબતોને લઈ કાર્ય યોજના તૈયાર કરવાની કામગીરી આરંભી દીધી છે. જો હવે વરસાદ એકાદ સપ્તાહમાં નહિ થાય તો જિલ્લામાં ઘાસચારાની તીવ્ર અછત ઉભી થવાનો ભય સતાવી રહ્યો છે. તંત્ર એ આ અંગે પોતાનો અહેવાલ તૈયાર કરી અને રાજય સરકારને પણ મોકલી આપ્યો છે. જિલ્લામાં પશુધનની વસ્તી ગણતરી પ્રમાણે ૩ લાખથી વધુ પશુ ધન છે. આ પશુ ધન માટે ઘાસચારાની જરૂરિયાતને ધ્યાને રાખી અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

પેયજળ માટે નર્મદાના વિકલ્પને ખુલ્લો રાખવામાં આવ્યો છે. જે પણ ગામોમાં પેયજળની સમસ્યા ઉભી થશે તેને તાત્કાલિક પાઈપલાઈન દ્વારા જૂથ પાણી પુરવઠામાં સાંકળી લેવામાં આવશે. આ માટે પાઈપલાઈનના નેટવર્કીંગની કામગીરી સંપન્ન થઈ ગઈ છે.

જિલ્લામાં જયાં પિયતની સગવડ ઉપલબ્ધ છે ત્યાં તાત્કાલિક ઘાસચારાના વાવેતર માટેની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઘાસચારાની જરૂરિયાતને પહોંચી વળવા માટે કેનાલના કેપ મેન્ટ વિસ્તારમાં ઘાસચારાના વાવેતરની પ્રોત્સાહક યોજના તૈયાર કરવામાં આવી રહી છે. તે તૈયાર થતાં જ રાજય સરકારની આખરી મંજૂરી માટે મોકલવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં પણ પેયજળની માંગને પહોંચી વળવા માટે જુદા જુદા સેકટરોમાં બનાવાયેલા બોરને કાર્યાન્વીત કરી દેવામાં આવશે. જેથી નર્મદા અને બોરનું પાણી મિશ્રિત કરી વિતરણ કરી શકાય.

જિલ્લા તંત્ર દ્વારા અછતની સ્થિતિને લઈ આગોતરૂ આયોજન શરુ કરી દેવામાં આવ્યું છે. ખાસ કરીને દહેગામ, માણસા, કલોલ અને ગાંધીગનર તાલુકામાં તબક્કાવાર ઘાસના વિતરણ કેન્દ્રો શરૂ કરાશે તેમ જાણવા મળેલ છે આ વિતરણ કેન્દ્રો માટેના સ્થળોની પસંદગી ચાલી રહી છે તે એક બે દિવસમાં આખરી કરી દેવામાં આવશે.

જિલ્લાના ચારેય તાલુકામાં જુલાઈ અડધો પસાર થઈ ગયો હોવા છતાં વરસાદ નહિ પડતાં તંત્ર ચિંતાતુર બન્યું છે. તંત્ર એ દરેક વિભાગોને આ અંગે તેમની જરૂરિયાતો શું શું હોઈ શકે તે અંગેનો વિગતવાર અહેવાલ માંગ્યો છે. મળતી વિગતો મુજબ આગામી સપ્તાહમાં જિલ્લા કલેકટરોની મળનારી બેઠકમાં જિલ્લાની સ્થિતિને લઈ કલેકટર દ્વારા અહેવાલ રજુ કરવામાં આવશે. જેમાં ઘાસચારા ઉપરાંત દવાનો જથ્થો, રોજગારીની તકોની શકયતાઓ સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

# મેઘરાજાને મનાવવા ઠેર ઠેર પ્રાર્થનાઓ

ગાંધીનગર, તા. ૧૩

આજે આવશે, કાલે આવશે, દસમી પછી આવશે... પણ એ ન આવ્યો. ગાંધીનગરાઓ લગભગ છેલ્લા એક મહિનાથી જેની રાહ જોઈ રહ્યા હતા તે મેઘરાજાએ આ વર્ષે ખરા અર્થમાં રૂસણા લીધા હોય તેમ હજુ સુધી પ્રથમ વરસાદનો અનુભવ પણ ગાંધીનગરાઓને થયો નથી. ક્યારે વરસાદ આવશે તેની કોઈ ચોક્કસ આગાહી કે વર્તારો પ્રાપ્ત થયો નથી. મેઘરાજાને મનાવવા ગામે ગામ જાતભાતના ધાર્મિક કાર્યક્રમો થઈ રહ્યા છે. વરસાદ ન આવતા ઘેરી ચિંતા સર્જાઈ છે અને લોકો ભારે ગરમી-બફારામાં હેરાન પરેશાન થઈ રહ્યા છે.

વરસાદની સીઝન શરૂ થયે લગભગ એકાદ મહિના જેટલો સમય વીતી ગયો છે પરંતુ હજુ સુધી અમદાવાદ-ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ક્યાંય વરસાદના એંધાણ મળતા નથી. છેલ્લા એકાદ-બે દિવસથી વાતાવરણ પલ્ટાય છે અને આકાશમાં વાદળો ઘેરાય છે પરંતુ વરસાદ પડતો નથી. વરસાદ ન પડતા વાતાવરણમાં બાફ અને ગરમીનું પ્રમાણ વધતુ જાય છે. મેઘરાજા મહેરબાન થાય તે માટે ગામેગામ

● અનુસંધાન પાન-૭ પર

## ચંદ્રની આસપાસ વલયો ન દેખાતા વરસાદની આશા ધુંધળી

ગાંધીનગર, તા.૧૩

સૂર્ય-ચંદ્ર અને પ્રાકૃતિક ફેરફારોના આધારે વર્તારો કરતા અનુભવીઓ અનુસાર ચંદ્રની આસપાસ હજુ જલ ચક્ર જોવા મળતા નથી જે સારી નિશાની નથી. ભારે વરસાદ પડવાનો હોય તો ચંદ્રની આસપાસ વલયો સ્પષ્ટ જોવા મળે છે. જો આ વલયો વધુ ઘેરાવો ધરાવતા હોય તો એકાદ-બે દિવસમાં જ વરસાદ પડે છે. પરંતુ તાજેતરમાં જ ગયેલી પુનમના ચંદ્રમાની આસપાસ આવા વલયો હજુ જોવા મળ્યા નથી. જે વરસાદ માટે સારી નિશાની નથી. ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં હજુ પ્રથમ વરસાદના પગરણ પણ થયા હોવાથી વસાહતીઓ નિરાશ બની રહ્યા છે.

# આનંદીબેન સાથે કલરાજ મિશ્રાની સૌજન્ય મુલાકાત

## અનેક કેન્દ્રિય મંત્રીઓ સાથે મુખ્યમંત્રીની રાજ્યના પડતર પ્રશ્નો અંગે ચર્ચા

ગાંધીનગર,તા. ૧૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની આજે ગાંધીનગરમાં ભારત સરકારના લઘુ અને મધ્યમ ઉદ્યોગમંત્રી કલરાજ મિશ્રાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. દરમિયાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલની આજે ગાંધીનગરમાં કેન્દ્રિય પેટ્રોલિયમ રાજ્યમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ગુજરાતના ઉદ્યોગમંત્રી સૌરભ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાલરાજ મિશ્રા અને ધર્મેન્દ્ર પ્રધાને આનંદીબેન પટેલ અને સૌરભ પટેલ સાથે તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી.




ગાંધીનગર મહાનગરપાલિકા આરંભે છે
સ્વચ્છ નગર અભિયાન
ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશન કાર્યક્રમ
તા. : ૧૪ જુલાઈ, ૨૦૧૪. સોમવાર । સમય : સવારે ૯.૦૦ કલાકે
સ્થળ : છ-૬ ના સર્કલ પાસે, સેક્ટર-૩૦, ગાંધીનગર.
નિમંત્રક : મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા
જેમ સ્વચ્છ શરીરમાં મન સ્વચ્છ અને સ્વસ્થ રહે છે તેમ
સ્વચ્છ નગરમાં નાગરિક સ્વસ્થ રહે છે અને સમૃદ્ધિ પામે છે...



મહેન્દ્રસિંહ રાણા – મેયર
આશિષ દવે – ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટિ
સુભાષ પાંડવ – ડેપ્યુટી મેયર
મનુભાઈ પટેલ – નેતા

આવો, આપણે સહુ સાથે મળીને આપણા નગરને સ્વચ્છ બનાવીએ...

રવિવારની રજાનો સદ્ઉપયોગ કરી ગુજરાત સરકારમાં નોકરી મેળવો !
શું આપશ્રી આપના બાળકને ધો.૧૨ થી જ એક લક્ષ્ય સાથે ભવિષ્યમાં સરકારી નોકરી મળી જાય જેવી કે...
[GPSC / UPSC / ગુજરાત સરકાર]
✓ ડેપ્યુટી કલેક્ટર ✓ Dy.SP ✓ IAS / IPS ✓ TDO ✓ SO ✓ PSI ✓ કોન્સ્ટેબલ ✓ તલાટી ✓ કલાર્ક ✓ RFO ✓ RTO
વગેરેમાં નોકરી મળે એવું ઈચ્છો છો ?
તો, આવો આપણે સાથે મળીને બાળકનાં ઊજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીએ !
ધો.૧૨ પાસ અથવા ચાલુ અભ્યાસક્રમ દરમ્યાન જ આપ શરૂઆત થી રજાના દિવસનો સદ્ઉપયોગ કરી શકો છો અને આપનું સ્વપ્ન સાકાર કરી શકો છો
TCCI EDUCATION PVT. LTD.
(ISO : 9001-2008 Certified Company)
છેલ્લા ૨૦ વર્ષથી વિશ્વાસનું એકમાત્ર પ્રતીક જે શરૂ કરે છે...
12 માસ નો કોર્ષ (૪૦ અઠવાડિયાનો કોર્ષ)
ભણવાનો સમય સવારના 9 થી 12-30 બપોરના 1 થી 4-30 ફક્ત રવિવાર
માત્ર દર રવિવારે 7 કલાકનું શિક્ષણ
ફી માસિક માત્ર ₹ 4,000/- (એક સાથે ભરનાર માટે ફી માત્ર 36000/- રહેશે) તથા શરૂઆતમાં બે માસિક હપ્તા એડવાન્સ ભરવાના રહેશે પછી દર મહિને 4,000/- ભરવાના રહેશે.
'જીવનદીપ કોર્ષ-2014' કોર્ષની વિશેષતા / ઉપયોગિતા
☛ ભણાવવામાં આવા વિષયો : ★ સ્પર્ધાત્મક ગણિત (૪૦ પ્રકરણ) ★ બુદ્ધિચાતુર્ય કસોટીઓ (15 પ્રકરણ - Verbal / Non Verbal) ★ અંગ્રેજી વ્યાકરણ (સંપૂર્ણ ગ્રામર) ★ ગુજરાતી વ્યાકરણ અને સાહિત્ય ★ સામાન્ય જ્ઞાન (GPSC / UPSC કક્ષાનું) ★ ઈન્ટરવ્યું ટેકનીક સાથે પર્સનાલીટી ડેવલપમેન્ટ ★ સ્પોકન અંગ્રેજી ☛ સંપૂર્ણ સાહિત્ય ફ્રી ☛ દરેક ટોપિક્સને અંતે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ ☛ 24000+ થી વધુ હેતુલક્ષી પ્રશ્નોનું સોલ્યુશન સાથે વર્ણનાત્મક સંપૂર્ણ સમજૂતીનું શિક્ષણ (ઉપરોક્ત કોર્ષના ☛ શિક્ષણ થી આપ 'સરકારી નોકરી' ૧૦૦% મેળવી શકો છો જે આપનું લક્ષ્ય છે પરંતુ આપને રવિવારે રજાનો સદ્ઉપયોગ કરવો પડશે.) ☛ UPSC / GPSC /ગુજરાત સરકારની તમામ ક્ષેત્રની ભરતી માટે આપ શરૂઆત થી જ સક્ષમ બની જાઓ છો અને તમામ પરીક્ષા પદ્ધતિથી આપ પહેલેથી જ જાણકાર બનો છો. ☛ મનોવૈજ્ઞાનિક તાલીમ પણ 'ફ્રી' આપવામાં આવશે. (આત્મવિશ્વાસ વધારવાના હેતુ થી) ☛ તમામ પરીક્ષાઓનાં પેપરોનું સોલ્યુશન (ભૂતકાળમાં લેવાયેલ.)
TCCI વર્ષ-2014 નો 'જીવનદીપ' કોર્ષ-2014 નો લક્ષ્યાંક
ગાંધીનગર : 40 બેઠકો | પેથાપુર : 60 બેઠકો | મહેસાણા : 50 બેઠકો
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. (એક ફોટો, LCની ઝેરોક્ષ કોપી તથા ફી સાથે લાવવાની રહેશે)
પ્રવેશ શરૂ તા. 17.07.2014 ગુરૂવાર | પ્રવેશ બંધ થવાની તા 24.07.2014 ગુરૂવાર | વર્ગ શરૂ થવાની તા. 03.08.2014 રવિવાર | કોર્ષનો સમયગાળો 12 (Months) 40 અઠવાડિયા
કોર્ષ : મહેસાણા / ગાંધીનગર / પેથાપુર એક જ તારીખે શરૂ થશે તા. 03.08.2014 (રવિવાર) થી
ગાંધીનગર 9537614606 – પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
મહેસાણા 9537614607 – પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)
પેથાપુર – ઓફીસ નં. 207, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, ગાંધીનગર. રૂબરૂ મળવાનો સમય સવારના 9-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)
પ્રવેશ માત્ર તા. 17 થી 24 July 2014 સુધી જ, વર્ગ શરૂ તા. 03.08.2014
1994થી સરકારી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...